જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૯/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૬૦/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૭ વ્યક્તિઓને ઝડપી, ૧૩૨ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨૫ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૫ બિયર ટીન અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતું. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૧૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૩૬૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી – **સમાચાર યાદી નં. ૧૩૬૨/૨૦૨૫**

નરોડાઃ સર્વાતીત સ/ઓ મુકેશભાઇ પટેલ (ઉ.વ.૩૪)(રહે.હરીપ્રકાશ સોસાયટી, વિભાગ–૦૨, કુમારશાળા પાસે, નરોડા ગામ) એ તા.૨૭/૦૯/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૭/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) શુક્લા જયેશભાઇ (૨) શિલ્પા જયેશભાઇ શુક્લા અને (૩) અનુષ્કા જયેશભાઇ શુક્લા (તમામ રહે, સિલ્વર રેડીયન્સ–૧, ઝાયડ્સ હોસ્પીટલની બાજુમા, હેબતપુરા રોડ, થલતેજ) એ ભેગામળી સર્વાતીત પટેલને જણાવેલ કે તેઓની એન્ડએવીક પ્રા.લી નામની કંપની સરકારી ટેન્ડર ભરી સરકારી કચેરીમા મેડીકલને લગતો માલ–સામન સપ્લાય કરે છે અને તેઓ સરકારી ટેન્ડર્સનુ મોટા પાયે કામકાજ કરે છે, “આપણે ભાગીદારીમાં કામ કરીએ” તેમજ “મારી પત્નિ ગર્વમેંટ ઓફીસર છે જેથી ટેન્ડર આપણને જ મળી જશે” તેમ કહી જયેશ શુક્લાએ ધંધા અર્થે ટેન્ડર ડેપોઝીટ જમા કરાવવા માટે સર્વાતીત પટેલ પાસેથી કુલ રૂપિયા ૨૭,૩૪,૦૦૦/– મેળવી લઇ, ત્યારબાદ ધંધા માટે પુછપરછ કરવા જતા જયેશ શુક્લાએ આનાકાની કરતા સર્વાતીત પટેલ એ આપેલા રૂપિયા પરત માંગતા જયેશ શુક્લા એ રૂપિયા ૨૬,૫૦૦/– પરત ચુકવી બાકી લેણા રૂપિયા ૨૭,૦૭,૫૦૦/– સર્વાતીત પટેલને પરત નહી ચુકવી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.રાવળ ચલાવે છે.

સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયાઃ– **સમાચાર યાદી નં. ૧૩૬૩/૨૦૨૫**

સોલા હાઇકોર્ટઃ સમિરભાઇ પ્રભુદાસ પ્રજાપતી (ઉ.વ.૫૦)(રહે.સ્વપ્નીલ એવન્યુ રેસીડેન્સી, સરદાર પટેલ કોલોની નારણપુરા)એ તા.૨૭/૦૯/૨૦૨૫ ના રોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૭/૨૦૨૫ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે સોલા સાયન્સ સીટી રોડ “સાફલ્ય એલીગન્સ કોમ્પ્લેક્ષ” આગળ સમિરભાઇ પ્રજાપતીની માતા ગાડીમાં બેસવા જતા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ એ સમિરભાઇ પ્રજાપતીની માતાના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/– ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.મીસ્ત્રી ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર ચાદી નં. ૧૩૬૪/૨૦૨૫**

નારોલઃ રંજનબેન વા/ઓ પુનમભાઇ વાઘેલા (ઉ.વ.૪૨)(રહે.આનંદનગર માવતર ડેરી સામે નારોલ) એ તા.૨૭/૦૯/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૯/૨૦૨૫ સાંજના ૫/૦૦ થી તા.૨૭/૦૯/૨૦૨૫ ના કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના પ્રથમ માળે સીડીનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, પલંગની અંદર મુકેલ બેગ ખોલી તેમાંથી (૧)સોનાની ચેઇન નંગ–૦૨ કિંમત રૂપિયા ૫૫,૦૦૦/– (૨) સોનાના પેન્ડલ નંગ–૦૨ કિંમત રૂપિયા ૨૫,૦૦૦/– (૩) ચાંદીની પાયલ ચાર જોડી કિંમત રૂપિયા ૧૨,૦૦૦/– (૪) ચાંદીની નાની પાયલ ત્રણ જોડી કિંમત રૂપિયા ૩૫૦૦/– (૫) ચાંદીની ગણપતિની મુર્તી નંગ–૦૧ કિંમત રૂપિયા ૯,૦૦૦/– (૬) ચાંદીના કેડ જુડા નંગ–૦૨ કિંમત રૂપિયા ૬,૦૦૦/– (૭) ચાંદીની લક્કી નંગ–૦૩ કિંમત રૂપિયા ૨૫૦૦/– (૮) આશરે ૨૦૦ ગ્રામ જેટલુ તુટેલુ ચાંદી કિંમત રૂપિયા ૨૦૦૦/– (૯) સોની એલ.ઇ.ડી. ટી.વી. કિંમત રૂપિયા ૪૦,૫૦૦/– અને રોકડ રૂપિયા ૪,૫૦૦/– મળી કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં. ૧૩૬૫/૨૦૨૫**

અમરાઇવાડીઃ જયેશભાઈ પ્રકાશભાઈ પાટીલ (ઉ.વ.૨૬)(રહે.સમૃધ્ધી સ્ટેટ્સ મહાદેવ રેસીડેન્સી–૩ સામે, ડુન સ્કુલની પાછળ રામોલ રોડ ન્યુ મણીનગર) એ તા.૨૭/૦૯/૨૦૨૫ ના રોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૯/૨૦૨૫ સાંજના ૪/૪૫ થી ૫/૩૦ વાગ્યા દરમ્યાન અમરાઈવાડી મંગલમ મેડિકલના ખાંચામાં આવેલ "શ્રી વહાણવટી જ્વેલર્સ" નામની દુકાનમાં ગ્રાહકના સ્વાંગમાં આવેલ બે અજાણી સ્ત્રીઓ (ઉ.વ.૪૦ ના આશરાની) એ ભેગામળી જ્વેલર્સની દુકાનમાં સેલ્સ ગર્લ તરીકે કામ કરતા જલ્પાબેનની નજર ચુકવી સોનાની નાકમાં પહેરવાની કાંટી અલગ–અલગ ડિઝાઈનની આશરે નંગ–૨૪ કિંમત રૂપિયા ૯૫,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એસ.મીયાત્રા ચલાવે છે.

છઠ્ઠા માળેથી પડી જતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં. ૧૩૬૬/૨૦૨૫**

એરપોર્ટઃ ભાટ ગામ, જર્મન રિસોર્ટ સાઇટ ખાતે રહેતા અને ત્યાંજ કામ કરતા જસરૂલઅલી સ/ઓ ફઝલુ હક (ઉ.વ.૩૫)(મુળ વતનઃ– ગામ– બલઇગાવ, થાના– હેમતાબાદ, જીલ્લો–દિનાજપુર, પશ્ચિમ બંગાળ) નાઓ તા.૨૬/૦૯/૨૦૨૫ સવારના કલાક ૧૧/૦૦ વાગે જર્મન રિસોર્ટ કન્ટ્રકશન સાઇટ પર છઠ્ઠા માળે શટરીંગનું કામ કરતા હતા ત્યારે આકસ્મીક રીતે છઠ્ઠા માળેથી નીચે પડી જતા, શરીરે ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે તેમને એસ.એમ.એસ. હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૯/૨૦૨૫ રાતના ૮/૧૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે એરપોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.મકવાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી